પેટલાદમાં પ્રવિણ તોગડીયાની તેજાબી સભા | શસ્ત્ર પૂજન અને આરોગ્ય-રોજગારના મુદ્દે તંત્ર સામે આડકતરો કટાક્ષ

હિન્દુ પ્રજા રોજગારી માટે ઝઝુમી રહી છે : પ્રવિણ તોગડિયા

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષનું હિન્દુઓને સંગઠિત થવા આહ્વાન

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૦

પેટલાદ ખાતે હિન્દુ હૃદય સમ્રાટ ડો. પ્રવિણ તોગડીયાની સભા યોજાઈ હતી. જેમાં હિન્દુઓની વર્તમાન સ્થિતી, ધર્મ પ્રત્યેની સજાગતા, શિક્ષણ, આરોગ્ય, રોજગારી જેવા મુદ્દે વિસ્તૃત જાણકારી આપી હતી. આ ઉપરાંત દરેક હિન્દુ પ્રજાએ દિનચર્યામાં ધ્યાન રાખવા જેવી બાબતોનું માર્ગદર્શન આપ્યું હતું. પરંતુ નોંધપાત્ર બાબત એ હતી કે આ સભામાં હિન્દુત્વ અને રાષ્ટ્રવાદની ગુલબાંગો મારતા નેતાઓની ગેરહાજરી

જોવા મળતી હતી. આ સભામાં વારંવાર ખોટકાતા વીજ પુરવઠા બાબતે પણ ડો. પ્રવિણ તોગડીયાએ આડકતરો કટાક્ષ કર્યો હતો.

પેટલાદમાં આશાપુરી રોડ સ્થિત શિવ શક્તિ યુવક મંડળ દ્વારા હિન્દુ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભા આંતર રાષ્ટ્રિય હિન્દુ પરિષદના વડા ડો. પ્રવિણ તોગડિયાની અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સભામાં ડો. પ્રવિણ તોગડીયાએ તેજાબી ભાષામાં હિન્દુઓને સંગઠીત કરવા આહ્વાન કર્યું હતું.

વધુમાં કહ્યું હતું કે, બે હજાર વર્ષ પૂર્વે વિશ્વ અને ભારતમાં હિન્દુઓ સૌથી વધારે હતા. દેશ આઝાદ થયો ત્યારે 86 ટકા અને આજે 78 ટકા હિન્દુઓ છે. આ દેશનો સૌથી મોટો પ્રશ્ન રોગ અને રોજગારી છે. દેશની પ્રજા બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, કેન્સર જેવા રોગોથી પીડાય છે. હિન્દુ પ્રજા રોજગારી માટે ઝઝુમી રહી છે. આવી અનેક સમસ્યાઓના સમાધાન માટે આંતર રાષ્ટ્રિય હિન્દુ પરિષદ સંસ્થા સમગ્ર ભારતમાં કામ કરી રહી છે. આ સંસ્થા દ્વારા ભારતભર માટે એક હેલ્પ લાઈન શરૂ કરવામાં આવે છે. જે ચોવીસ કલાક વીસ હજાર જેટલા સ્થળોએ કાર્યરત છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતના હિન્દુઓએ ધર્મ, સંસ્કૃતિ, દૈનિક પૂજા - આરતી જેવી પ્રણાલિકા આચરવી પડશે. દેશના સળગતા એવા રોગ, રોજગાર અને સલામતી માટે સંસ્થાના ડૉક્ટર, વકીલો વગેરે અદ્ભૂત સેવાઓ મફત આપી રહ્યા છે. તમામ હિન્દુઓએ પોતાના ઘરમાં શસ્ત્ર રાખી દર વર્ષે વિજયા દશમીએ પૂજન કરવાં પણ આહ્વાન કર્યું હતું. પેટલાદમાં યોજાયેલ આ સભામાં આજુબાજુ ગામોના સાધુ - સંતો સહિત પાલિકાના પૂર્વ પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ (બોસ), અરવિંદભાઈ પટેલ (સરપંચ), જગદિશગીરી ગોસ્વામી, શિવ શક્તિ મંડળના કાર્યકરો, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પેટલાદમાં હિન્દુત્વના મુદ્દે જીતેલા નેતાઓની સૂચક ગેરહાજરી

મળતી માહિતી મુજબ રાજકીય રીતે હિન્દુ ગોત્ર ધરાવતા ડો. પ્રવિણ તોગડીયા વર્ષો પહેલાં ભારતીય જનતા પાર્ટી માટે અનેક સભાઓ કરી ચુક્યા છે. તેઓ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ જેવા સંગઠનો સાથે જોડાયેલ હતા. પરંતુ કોઈપણ કારણોસર વર્તમાન સમયમાં તેઓ ભાજપથી દૂર છે. જેથી ગતરોજ યોજાયેલી પેટલાદની સભામાં ભાજપ સંગઠનના પદાધિકારીઓ નોંધપાત્ર રીતે ગેરહાજર હતા. છેલ્લા ઘણાં વર્ષોથી હિન્દુત્વના એજન્ડા થકી જીતેલા નગર પાલિકાના સભ્યોની પણ સૂચક ગેરહાજરી જોવા મળી હતી. જે મુદ્દો શહેરમાં ચર્ચાસ્પદ બનવા પામ્યો છે.

વીજ પુરવઠો ખોરવાતા રાજકારણ ગરમાયું

પેટલાદ નગર પાલિકા સંચાલિત કોમ્યુનિટી હોલ ખાતે ગતરોજ સવારે ૧૦ કલાકે સભા હતી. જે પૂર્વ પાલિકાના આ હોલમાં બે-ત્રણ વખત વીજ પુરવઠો ખોરવાયો હતો. જેથી આયોજકોએ તંત્રને જાણ કરી હતી. પરંતુ સભા શરૂ થયા પછી 45 મિનીટમાં ત્રણ વખત વીજ પુરવઠો ખોરવાયો હતો. જે અંગે ડો. તોગડીયાએ કટાક્ષ કરતા કહ્યું હતું કે આપણે લાઈટો વગર ચલાવતા શીખી ગયા છે. પેટલાદ પાલિકામાં સ્પષ્ટ બહુમત સાથેના હિન્દુ બોર્ડ ધરાવતા પાલિકા સંચાલિત આ હોલમાં હિન્દુ સભા દરમ્યાન વારંવાર ખોરવાયેલ વીજ પુરવઠા બાબતે લોકોમાં છુપો આક્રોશ ચર્ચાનો વિષય બન્યો હતો.

માતરના ખેડૂતનો મોબાઈલ હેક કરી ૯૧ હજાર સેરવ્યાં

બેલેન્સ ચેક કરતા બેંક એકાઉન્ટમાંથી નાણાં ગાયબ હોવાની જાણ થઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

માતર તાલુકાના સંધાણા ગામના એક ખેડૂતનો મોબાઈલ હેક કરીને અજાણ્યા ગઠિયાએ તેમના બેંક ખાતામાંથી રૂ. ૯૧ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરી સાયબર ફ્રોડ આચર્યું છે. આ બનાવ અંગે માતર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માતર તાલુકાના સંધાણા ગામમાં રહેતા અને ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા જહીરભાઈ ઈસ્માઈલભાઈ ચૌહાણ સાથે આ ઘટના બની હતી. તેઓ પોતાના મોબાઈલ ફોનથી ગુગલ પે દ્વારા પૈસા ટ્રાન્સફર કરી રહ્યા હતા ત્યારે નાણાં ટ્રાન્સફર થયા ન હતા. આથી તેમણે સંશય જતાં બેલેન્સ ચેક કર્યું હતું.

બેલેન્સ ચેક કરતા તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ. ૯૧,૦૦૦ કોઈ અજાણ્યા ગઠિયા દ્વારા 'રાધે ઓરકેસ્ટ્રા નિલેશકુમાર' નામના એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. કોઈ ઈસમે તેમનો મોબાઈલ હેક કરીને આ ઓનલાઈન ફ્રોડ કર્યું હોવાનું જણાતાં, જહીરભાઈ ચૌહાણે માતર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે માતર પોલીસે સાયબર ફ્રોડનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી ગામમાં પણ ચર્ચાનો વિષય બન્યો હતો.

મહેમદાવાદના યુવકે પાંચ મિત્ર સાથે ૩૧.૯૬ લાખથી છેતરપિંડી આચરી

શેરબજારમાં વધુ નફાની લાલચ આપી કન્સ્ટ્રક્શન વ્યવસાયી સહિત પાંચને ચુનો ચોપડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

મહેમદાવાદમાં કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા યુવકને તેના જ નાનપણના મિત્રએ શેરબજારમાં રોકાણ પર વધારે નફો મેળવવાની લાલચ આપી લાખો રૂપિયાનું રોકાણ કરાવી, નફો કે મૂળ રકમ પરત ન આપી વિશ્વાસઘાત આચર્યો છે. આ બનાવ અંગે પીડિત યુવકે ફરિયાદ નોંધાવતા મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મહેમદાવાદની નવજીવન સોસાયટીમાં રહેતા અને છેલ્લા પાંચેક વર્ષથી કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા વિવેક રામજીભાઈ કાછડીયાને તેમની સાથે નાનપણની મિત્રતા ધરાવતા અને આશુતોષ સોસાયટીમાં રહેતા જયરાજસિંહ વિઠ્ઠલભાઈ પરમારે શેરબજારમાં ટ્રેડિંગમાં રોકાણ કરવાથી નાણાં સુરક્ષિત રહેવાની સાથે સારો નફો મળવાની લાલચ આપી હતી. મિત્ર પર વિશ્વાસ મૂકીને વિવેકભાઈએ તા. ૨૧/૦૧/૨૦૨૬ થી તબક્કાવાર રોકડા તેમજ ગૂગલ પે મારફતે રકમ ટ્રાન્સફર કરી હતી. શરૂઆતમાં વિશ્વાસ કેળવવા નફા પેટે થોડી રકમ ઓનલાઈન મોકલી હતી, પરંતુ ત્યારબાદ કોઈ રકમ પરત ન આપી વિવેકભાઈના કુલ રૂ. ૮,૧૭,૯૯૯ પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હતો.

આ અંગે તપાસમાં સામે આવ્યું છે કે, જયરાજસિંહે અન્ય મિત્રો અમાન ઈમ્તિયાઝ મનસુરી, જીવ વિપુલભાઈ સુથાર, અલ્તાફ મન્સૂરી અને વિશ્વ પ્રદિપકુમાર ત્રિવેદી પાસે પણ શેરબજારમાં વધુ નફો આપવાનો વિશ્વાસ આપી તેઓ પાસેથી રોકડા તથા ઓનલાઈન રૂ. ૨૩,૭૮,૩૩૮ મેળવી છેતરપિંડી કરી હતી. આમ, આરોપીએ વિવેક કાછડીયાના રૂ. ૮,૧૭,૯૯૯ તથા અન્ય ચાર મિત્રોના રૂ. ૨૩,૭૮,૩૩૮ પરત આપ્યા ન હતા. આ અંગે વિવેક કાછડીયાની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે જયરાજસિંહ વિઠ્ઠલભાઈ પરમાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કડાણાના વિદ્યાર્થી સાથે ૫૭ હજારની સાયબર છેતરપિંડી

ઇન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સ વધારવાની લાલચમાં નાણાં ગુમાવ્યાં

(પ્રતિનિધિ) કડાણા તા.૧૦

સોશિયલ મીડિયા પર ફેમસ થવાના અને ફોલોઅર્સ વધારવાના ક્રેઝમાં યુવાનો સાયબર ગઠિયાઓનો શિકાર બની રહ્યા છે.

દાહોદ ખાતે અભ્યાસ કરતો જયદીપ ખાંટ ગત પાંચમી સપ્ટેમ્બરે સાતમ-આઠમની રજાઓમાં વતન આવ્યો હતો. આ દરમિયાન જયદીપના વોટ્સએપ પર ફોલોઅર્સ વધારવા અંગેનો અજાણ્યો મેસેજ આવ્યો હતો. શરૂઆતમાં તેણે ફેમએપ વોલેટમાંથી ૮૯ પેટીએમ સ્કેનર દ્વારા ચૂકવ્યા હતા.બાદમાં ફોલોઅર્સ ન વધતાં પૂછપરછ કરતા સાયબર ગઠિયાએ વોઇસ મેસેજ મોકલી 'આઈડી પર રિપોર્ટ લાગ્યો છે, બ્લુટિક આવી ગયું છે અને એકાઉન્ટ વેરિફિકેશન કરવું પડશે.' તેવા વિવિધ બહાના હેઠળ વધારાના નાણાં મેળવી લીધા હતા. પિતાના ખાતામાંથી ટ્રાન્સફર કરાવ્યાઃ છેવટે અગાઉના પૈસા પરત મેળવવાના (રિફંડ ચાર્જના) નામે ગઠિયાએ વિદ્યાર્થીના પિતાના પેટીએમ ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ રીતે વિદ્યાર્થીના વોલેટમાંથી ૩,૩૮૯ અને તેના પિતાના ખાતામાંથી ૫૩,૮૨૫ મળી કુલ ૫૭,૨૧૪ ઓનલાઈન પડાવી લીધા હતા. આખરે, છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતાં વિદ્યાર્થીએ કડાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બાલાસિનોર-કાલીયાકુવા બસ બંધ રહેતા દર્દી, વિદ્યાર્થી અને વેપારી પરેશાન

બાકોરના બંધ થયેલા એસ.ટી. બસ રૂટો પુનઃ શરૂ કરવા માગ

બસ સેવાઓ રાબેતા મુજબ કરવા સરપંચની નિયામકને લેખિત રજૂઆત

(પ્રતિનિધિ) ખાનપુર તા.૧૦

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના અગત્યના કેન્દ્ર સમાન બાકોર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના મુસાફરો, વિદ્યાર્થીઓ, દર્દીઓ અને યાત્રાળુઓની સુવિધા અર્થે અગાઉ ચાલતા એસ.ટી. બસના મહત્વના રૂટો પુનઃ શરૂ કરવા તેમજ કેટલાક રૂટો લંબાવવા માટે બાકોર ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા એસ.ટી. નિગમના વિભાગીય નિયામકોને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

બાકોર ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા વિભાગીય નિયામક (એસ.ટી. નડિયાદ)ને કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું છે કે, બાલાસિનોર થી કાલીયાકુવા લોકલ બસ છેલ્લા છ મહિનાથી બંધ કરી દેવામાં આવી છે. આ બસ બંધ હોવાને કારણે બાલાસિનોર જવા માટે વેપારીઓ તથા વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

વીરપુરથી વડાગામ બસને માત્ર ૧૦ કિમી લંબાવી બાકોર એસ.ટી. કંટ્રોલ પોઈન્ટ સુધી કરવામાં આવે તેમજ પેટલાદથી વીરપુર લોકલ બસને પણ બાકોર સુધી લંબાવવામાં આવે તો નિગમની આવકમાં વધારો થશે અને સ્થાનિક મુસાફરોને મોટી રાહત મળશે. બીજી તરફ, એસ.ટી. રાજપીપળા ડિવિઝનને કરાયેલી રજૂઆતમાં જણાવ્યા અનુસાર, રાજપીપળા થી કાલીયાકુવા ઈન્ટરસિટી બસ (જે વર્ષ ૨૦૧૭થી નિયમિત ચાલતી હતી) તેને વારંવાર બંધ કરવામાં આવી રહી છે તેમજ તેના રૂટમાં ફેરફારો થઈ રહ્યા છે.

બાકોર-પાંદરવાડા વિસ્તારના ૨૬ જેટલા ગામો અને રાજસ્થાન સરહદી વિસ્તારના લોકો માટે યાત્રાધામ પાવાગઢ તથા પોઈચા જવા માટે આ એકમાત્ર સાંજની અને વહેલી સવારની મહત્વપૂર્ણ બસ સેવા છે. દરરોજ રૂ. ૧૨ હજારથી ૧૫ હજાર જેટલી સારી આવક આપતો આ રૂટ બંધ થતાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

કપડવંજમાં પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્રનો પ્રારંભ: ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે સીધો સેતુ બનશે

કપડવંજ | રાજ્ય સરકારની પ્રોત્સાહક પહેલ રૂપે કપડવંજ ખાતે નગર સેવા સદન કોમ્પલેક્ષમાં 'પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્ર'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન નગરપાલિકા પ્રમુખ સેજલ એ. પટેલ અને ચીફ ઓફિસર મેહુલ આઈ. પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કેન્દ્રથી પ્રાકૃતિક ખેતી કરતા સ્થાનિક ખેડૂતોને પોતાની ખેત પેદાશો માટે સીધું બજાર અને પોષણક્ષમ ભાવ મળી રહેશે. નાગરિકોને રાસાયણિક ખાતરમુક્ત તાજી શાકભાજી, અનાજ, કઠોળ, ફળ અને દૂધની બનાવટો ગુણવત્તાસભર રીતે સરળતાથી ઉપલબ્ધ થશે.

કપડવંજ ખાતે 'પોષણ ઉત્સવ-૨૦૨૬' ની ઉજવણી વાનગી સ્પર્ધાના વિજેતાઓનું સન્માન કરાયું

કપડવંજ | કપડવંજ તાલુકા પંચાયત ખાતે ICDS ઘટક ૧ અને ૨ દ્વારા 'પોષણ ઉત્સવ-૨૦૨૬' ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી, જેમાં પદાધિકારીઓ, અધિકારીઓ અને આંગણવાડી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન સી.ડી.પી.ઓ. અને તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા રોજિંદા આહારમાં મિલેટ્સ (શ્રીઅન્ન) તથા THR ના ઉપયોગ અને મહત્વ વિશે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ટીએચઆર અને મિલેટ્સમાંથી બનાવવામાં આવેલ વિવિધ પૌષ્ટિક વાનગીઓ સાથે વાનગી સ્પર્ધા માં ઉત્સાહપૂર્વક ભાગ લેવાયો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજની જડાવબા શિશુ કેન્દ્રમાં વાલી એક દિવસ માટે શિક્ષક કાર્યક્રમ યોજાયો

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી જડાવબા શિશુ કેન્દ્ર ખાતે વાલી સહભાગિતા પ્રોત્સાહિત કરવા વાલી એક દિવસ માટે શિક્ષક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને બાળકોને વાર્તા, ગીતો, રમતો અને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા આનંદ સાથે શિક્ષણ આપવાનો પ્રયાસ કર્યો હતો. આ અનન્ય અનુભવથી વાલીઓને વર્ગખંડના વાતાવરણ અને શિક્ષકની જવાબદારી સમજાઈ, જ્યારે બાળકો પણ પોતાના વાલીને શિક્ષક રૂપે જોઈ અત્યંત ઉત્સાહિત થયા હતા. વાલીઓના ઉત્સાહભેર સહયોગથી સફળ બનેલી આ પ્રવૃત્તિએ બાળકના સર્વાંગી વિકાસ સાથે શાળા અને વાલી વચ્ચેના સંબંધોને વધુ દ્રઢ બનાવ્યા છે.

આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલય ખાતે ઉત્સાહભેર 'શિક્ષક દિન'ની ઉજવણી કરાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલય, આણંદ ખાતે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે 'શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યા નિરાલી મેડમ, સુપરવાઇઝર મેડમ તથા શિક્ષકગણના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ સ્વયં આચાર્ય, સુપરવાઇઝર અને વિવિધ વિષયોના શિક્ષક બનીને વહીવટી તેમજ શિક્ષણકાર્યની જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળી હતી. દિવસના અંતે યોજાયેલી વિશેષ સભામાં બાળાઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતાં.

આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ ખેતીવાડી ખાતે શિક્ષકદિન ઉજવાયો

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ, ખેતીવાડી, આણંદ ખાતે આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં શાળાના 55 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને એક દિવસ માટે શિક્ષકની તમામ જવાબદારીઓ સંભાળી શિક્ષણકાર્ય કર્યું હતું. TLM, PPT અને નાટ્યીકરણ દ્વારા શ્રેષ્ઠ પ્રસ્તુતિ કરી માધ્યમિક વિભાગમાં માનસી દવે અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં રિતિશા પટેલ પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે 'જેન્ડર સમાનતા' વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીની ફૂડ પ્રોસેસિંગ ટેક્નોલોજી એન્ડ બાયો એનર્જી મહાવિદ્યાલયના જેન્ડર સેલ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે તજજ્ઞ વ્યાખ્યાનનું સુંદર આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં નિમંત્રિત તજજ્ઞ ડો. કાજલ નિર્મલા ભરતરાવે 'સમાન હક, સમાન વેતન, સમાન સન્માન: નવા ભારતની ઓળખ' વિષય પર વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વ્યાખ્યાન દરમિયાન ક્યુ કાર્ડ એક્ટિવિટી, સંવાદ, જૂથ ચર્ચા તેમજ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન થકી વિદ્યાર્થીઓ સાથે વિષયલક્ષી વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સુચારુ આયોજન સંસ્થાના ડીન ડો. સમિત દત્તાના માર્ગદર્શન હેઠળ અને સંચાલન સહ પ્રાધ્યાપક ડો. અમી રવાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી ખાતે વિશ્વ ફિઝિયોથેરાપી દિવસની ઉજવણી કરાઇ

આણંદ | કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી સંલગ્ન કે.એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી કોલેજ દ્વારા 8 અને 9 સપ્ટેમ્બરના રોજ વિશ્વ ફિઝિયોથેરાપી દિવસ અંતર્ગત વિવિધ શૈક્ષણિક, જનજાગૃતિ અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી હેઠળ યોજાયેલા સ્ક્રીનિંગ કેમ્પમાં 75થી વધુ લાભાર્થીઓની તપાસ કરી સ્ટ્રોકની રોકથામ અંગે માર્ગદર્શન આપવા સાથે ઈ-પોસ્ટર સ્પર્ધા અને ક્લિનિકલ સિમ્પોઝિયમ યોજાયું હતું. જલારામ વિશ્રામ સેવા ટ્રસ્ટ ખાતે યોજાયેલ કેમ્પમાં 35થી વધુ વૃદ્ધ લાભાર્થીઓનું ફિઝિયોથેરાપી મૂલ્યાંકન કરી સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

બાકરોલ સ્પેકના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સેલ્વી મેક્વિનને પી.એચ.ડી.ની ડિગ્રી એનાયત

આણંદ | બાકરોલ સ્થિત એસપીઈસી એમબીએ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર સેલ્વી મેક્વિને સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી કોમર્સ વિષયમાં પી.એચ.ડી.ની ડિગ્રી સફળતાપૂર્વક મેળવી છે. તેમણે ડો. કામિની શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાતના ગિગ વર્કર્સમાં નોકરી સંતોષ અને નાણાકીય સુખાકારી વિષય પર અગત્યનું સંશોધન કાર્ય કર્યું છે. આ સંશોધન વી.વી. નગર સ્થિત પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ સ્ટડીઝ હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, ટ્રસ્ટીઓ, સ્પેક મેનેજમેન્ટ અને સહકર્મીઓએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

ખાનપુરની તુષ્ટિબેન માલીવાડે ચાર સો મીટરમાં ગોલ્ડ અને છસ્સો મીટરમાં સિલ્વર મેડલ મેળવ્યો

ખાનપુર | શાળાકીય રમતોત્સવ 2026-27 અંતર્ગત દાહોદ ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં મહીસાગરના ખાનપુર તાલુકાની દીકરી તુષ્ટિબેન ધર્મેન્દ્રકુમાર માલીવાડે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. દે બારિયા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ખાતે અભ્યાસ કરતી તુષ્ટિબેને અંડર-14 કેટેગરીમાં 400 મીટર દોડમાં ગોલ્ડ મેડલ અને 600 મીટર દોડમાં સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. આ શાનદાર પ્રદર્શન બાદ તુષ્ટિબેન હવે પછી યોજાનારી રાજ્યકક્ષાની રમત સ્પર્ધામાં ભાગ લઈને તાલુકાનું નામ રોશન કરશે. તેની આ સિદ્ધિ બદલ ખાનપુર તાલુકાના લોકોમાં હર્ષ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગના આચાર્યાનું વિશિષ્ટ સન્માન કરાયું

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટીના નિવૃત્તિ સન્માન સમારોહમાં સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ખેતીવાડી)ના આચાર્યા ભારતીબેન પટેલનું બહુમાન કરવામાં આવ્યું હતું. યુકો બેંકના મેનેજરશ્રી તથા સોસાયટીના મંત્રીશ્રીના હસ્તે તેમના ૩૨ વર્ષના અવિરત સમર્પણ અને સેવાઓ બદલ વિશેષ સન્માન કરાયું હતું. વર્ષ ૧૯૯૪થી શિક્ષિકા તરીકે જોડાઈ ૨૦૧૦માં સુપરવાઇઝર અને ૨૦૧૪થી આચાર્યા તરીકે તેમણે શૈક્ષણિક વિકાસ તથા શિસ્તમાં અતિ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના પ્રેરણાદાયી વ્યક્તિત્વને બિરદાવતા સમગ્ર શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવ્યાં હતાં.

વલ્લભ વિદ્યાનગરની આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં ફાયર સેફ્ટી અંગે પ્રત્યક્ષ તાલીમ યોજાઈ

આણંદ | વલ્લભ વિદ્યાનગર સ્થિત આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં આપત્તિ સમયે બચાવ અંગે જાગૃતિ લાવવાના હેતુથી ફાયર સેફ્ટીનું પ્રત્યક્ષ નિર્દેશન યોજાયું હતું. ફાયર વિભાગના અધિકારીઓએ આગના કારણો, બચાવના ઉપાયો તથા ફાયર એક્સ્ટિંગ્વિશરનો યોગ્ય ઉપયોગ કરવાની પ્રાયોગિક તાલીમ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આપી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય ભાવેશભાઈ ભટ્ટે કટોકટીની પરિસ્થિતિમાં ગભરાયા વિના સુરક્ષાને પ્રથમ પ્રાધાન્ય આપી સાવચેતીપૂર્વક પગલાં લેવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રત્યક્ષ તાલીમ દ્વારા વિદ્યાર્થીઓ અને સમગ્ર શાળા પરિવારમાં આપત્તિ સમયની સતર્કતા, આત્મવિશ્વાસ અને સેફ્ટી અંગે ઉપયોગી જાગૃતિ કેળવાઈ હતી.